EDII

Divyabhaskar

August 9, 2024
Page No.1
Suppl.: Citybhaskar

**સ્ટાર્ટઅપ :** છેલ્લા ત્રણ વર્ષમાં કુલ 23 સ્ટાર્ટઅપ્સ શરૂ કરાયા જેમાં મેઈનસ્ટ્રીમ સિવાયના સેક્ટરમાં પણ ઈનોવેશન કરાયાં

# EDIIના સ્ટુડન્ટ્સ દ્વારા શરૂ કરાયેલ સ્ટાર્ટઅપ્સમાં સૌથી વધારે એગ્રીકલ્ચર, એજ્યુટેક, ઈ-કોમર્સ અને ટેક્સટાઈલ સેક્ટર મોખરે

**ગાંધીનગર: આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ 23 વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કર્યા છે. જે ડાયવર્સ સેક્ટરમાં ફેલાયેલા છે. જેમાં સૌથી વધારે સ્ટાર્ટઅપ એગ્રીકલ્ચરમાં તેમજ ક્રમશઃ એજ્યુટેક અને ટેક્સટાઈલ સેક્ટર્સમાં નોંધાયા છે.**

**ગાંધીનગરઃ** EDII ના સ્ટુડન્ટ્સ દ્વારા શરૂ કરાયેલ સ્ટાર્ટઅપના વિવિધ સેક્ટરમાં ટેક્સટાઈલ, ઈ-કોમર્સ, એજ્યુટેક, વેરહાઉસ મેનેજમેન્ટ, સોફ્ટવેર એઝ અ સર્વિસ (SaaS), એગ્રીકલ્ચર, વિગન લેધર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બાયોટેકનોલોજી, આર્ટ એન્ડ ક્રાફ્ટ, ઓટોમોબાઈલ એસેસરીઝ, હેન્ડમેડ મેન્યુફેક્ચરિંગ, અને ડિજિટલ માર્કેટિંગ વગેરે જેવા સેક્ટરનો સમાવેશ થાય છે.

જ્યારે ટેક્સટાઈલ અને ઈ-કોમર્સ સેક્ટરમાં બે નવા વેન્ચર્સ શરૂ થયા છે, જે દર્શાવે છે કે આગામી સમયમાં આ વિષયે પણ ઈનોવેટિવ સ્ટાર્ટઅપ્સનો સ્કોપ વધારે છે. તેમજ એજ્યુટેક સેક્ટરમાં પણ બે સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે. ઉપરાંત એગ્રીકલ્ચર સેક્ટરમાં ચાર સ્ટાર્ટઅપ્સ છે, જે સસેટેનેબિલિટી અને ટેક્નોલોજી આધારિત ફાર્મિંગ સોલ્યુશન્સ પર વધતા ધ્યાનને દર્શાવે કરે છે.

અન્ય સેક્ટર જેમ કે, વિગન લેધરમાં સ્ટાર્ટઅપ, જે સસ્ટેનેબલ અને ક્રૂરતા-મુક્ત ઉત્પાદનો તરફના પરિવર્તન દર્શાવે છે. સેક્ટર્સમાં બાયોટેક્નોલોજીથી લઈને આર્ટ અને ક્રાફ્ટ સુધીની વિવિધ ડાઈવર્સિટી છે, જે વ્યાપક સ્પેક્ટ્રમને દર્શાવે છે.




**ઇન્સ્ટિટ્યૂટમાંથી વિવિધ સેક્ટરમાં શરૂ થયેલ સ્ટાર્ટઅપ્સની માહિતી**

| | | | |
|---|---|---|---|
| ટેક્સટાઈલ | 2 | બાયોટેક્નોલોજી | 1 |
| ઈ-કોમર્સ | 2 | આર્ટ એન્ડ ક્રાફ્ટ | 1 |
| એજ્યુટેક | 2 | ઓટોમોબાઈલ એસેસરીઝ | 1 |
| વેરહાઉસ મેનેજમેન્ટ | 1 | હેન્ડમેડ મેન્યુફેક્ચરિંગ | 1 |
| સોફ્ટવેર એઝ અ સર્વિસ | 1 | ટોય મેન્યુફેક્ચરિંગ | 1 |
| એગ્રીકલ્ચર | 4 | હોમ ડેકોર | 1 |
| ફૂડ પ્રોસેસિંગ | 1 | સ્પોર્ટ્સ | 1 |
| વિગન લેધર | 1 | ડિજિટલ માર્કેટિંગ | 1 |
| ઈન્ફ્રાસ્ટ્રક્ચર | 1 | કુલ | 23 |